**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૪૨.૪ ડીગ્રી
લઘુતમ : ૨૮.૮ ડીગ્રી
ભેજ
સવારે ૬૮ ટકા ● સાંજે ૨૮ ટકા

# શહેરમાં જૂના બગીચાઓ મૂરઝાયા

## સે-૩૦ શોપિંગ સેન્ટર સામે બગીચામાં પાણી ન મળતા વૃક્ષો અને લોન સૂકાયા

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગરમાં મહાનગરપાલિકા દ્વારા સુંદર-સુંદર બગીચાઓનું નવીનીકરણ કરવામાં આવી રહ્યું છે. આ અગાઉ પણ ગાંધીનગરમાં બગીચાઓનું નિર્માણ કરવામાં આવ્યું હતું. જે ઘણા વર્ષો જૂના થઈ જવાથી તેની કાયાપલટ થઈ ગઈ હતી અને બગીચાઓ મૂરઝાઈ ગયા હતા. જેમાં હાલમાં ફરીથી નવીનતમ બનવા પામ્યા છે. પરંતુ સેક્ટર-૩૦ ખાતે કંઈક અલગ જ નજારો જોવા મળી રહ્યો છે. જેમાં મુખ્ય શોપિંગ સેન્ટર પાસેના જુના બગીચામાં અગાઉ ખૂબ સુંદર રોનક હતી તે રોનક વિખેરાઈ ગઈ છે. બગીચામાં પાણીના અભાવના કારણે વૃક્ષો સુકાઈ રહ્યા છે. બગીચો હતો તે અદ્રશ્ય થઈ ગયો છે અને બગીચામાં જે લોન હતી તે પણ સુકાઈને ત્યાં માટી માટી થઈ ગઈ છે. શહેરના જાગૃત નાગરિકો દ્વારા ફરિયાદો ઉઠી રહી છે કે આ વિશાળ જમીનનો દુરૂપયોગ કરવામાં આવી રહ્યો છે.

આ વિશાળ જમીનનો બગીચાનો સજીવન કરવાનું આયોજન કરવામાં આવે તેવી માંગ કરવામાં આવી રહી છે.



શહેરમાં નાના બાળકોને રમત-ગમતનો આનંદ માણવા મળે તે માટે સેક્ટરે-સેક્ટરે રમતગમતના સાધનો મુકવામાં આવ્યા છે જેની હાલત પણ કફોડી બની જવા પામી છે. આ સાધનો પણ તુટેલી હાલતમાં જોવા મળી રહ્યા છે. એક તરફ ભવ્ય બગીચાઓના નિર્માણ તો બીજી તરફ મરણ પથારીમાં જોવા મળતા આ બગીચાઓ જે વૃક્ષપ્રેમીઓની લાગણીને નિરાશ કરી રહ્યા છે. ગાંધીનગરમાં વિકાસકાર્યોએ જોર પકડ્યું છે. જેમાં માર્ગને પહોળા કરવામાં અને વિવિધ ઈમારતો અને બગીચાઓના નિર્માણમાં હરહંમેશ માટે વૃક્ષોની કાપણી થવાથી વૃક્ષપ્રેમી જનતાને અવારનવાર તંત્ર સામે પ્રશ્નો ઉભા થાય છે. ગાંધીનગરમાં ગ્રીનરીને જાળવી રાખવા માટે પર્યાવરણ પ્રેમીઓ ખૂબ મહેનત કરી રહ્યા છે તેથી બગીચા હોય કે માર્ગો હોય વૃક્ષોની કફોડી હાલત જોઈ શકતા નથી. અવારનવાર નવનિર્માણ વખતે નાના મોટા વૃક્ષોની કટોતી કરવામાં આવતા હાલમાં શહેરમાં વૃક્ષોની સંખ્યામાં ધરખમ ઘટાડો થઈ ગયો છે. જેનું ખરૂ ઉદાહરણ ઉનાળાની આ ગરમી આપી રહી છે.

## લાયોનેસ કલબ ઓફ ગાંધીનગર દ્વારા એવોર્ડ નાઈટ યોજાઈ



ગાંધીનગર, તા.૧

લાયોનેસ કલબ ઓફ ગાંધીનગર દ્વારા સમગ્ર વર્ષ દરમિયાન ગાંધીનગર અને તેની આસપાસના ગામોમાં જરૂરિયાતમંદ લોકોને મદદરૂપ થવા માટે સતત સેવાકીય પ્રવૃત્તિઓ કરવામાં આવી હતી. લાયોનેસ પ્રમુખ નીતા રાણાના નેતૃત્વમાં વર્ષ દરમિયાન સેવાકીય પ્રવૃત્તિઓમાં પોતાનું મહત્વનું યોગદાન આપનાર સભ્યોને સન્માનિત કરવાના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

કુડાસણ સ્થિત બ્લેક પેપર બેન્કવેટ હોલ ખાતે યોજાયેલ આ કાર્યક્રમમાં લાયોનેસ કલબના પદાધિકારીઓ સહિત બહોળી સંખ્યામાં લાયોનેસ સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. લાયોનેસ પ્રમુખ નીતા રાણા દ્વારા વિશેષ સહયોગ પ્રદાન કરનાર સભ્યોને સ્મૃતિચિન્હ અર્પણ કરી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે આગામી વર્ષ ૨૦૨૨-૨૩ માટે વરાયેલ નવનિયુકત પ્રેસીડેન્ટ અને તેમની કમિટીની ઔપચારિક જાહેરાત પણ કરવામાં આવી હતી. કાર્યક્રમના અંતે સેક્રેટરી ઉષા ટાટૂ દ્વારા સૌનો આભાર માનવામાં આવ્યો હતો.

## બ્રીજ ગ્રુપ અને વનશ્રી ટ્રસ્ટ દ્વારા નગરને હરિયાળુ બનાવવાની અનોખી ઝુંબેશ

ગાંધીનગર, તા. ૧

શહેરના બ્રીજ ગ્રુપ અને વનશ્રી ટ્રસ્ટ સાથે મળીને વૃક્ષારોપણ અને વૃક્ષનું જતન કરવા માટેની એક ઝુંબેશ ૫ મી જૂને વિશ્વ પર્યાવરણ દિવસથી શરૂ કરવામાં આવશે. જેનો શુભારંભ સરકારી એન્જિનીયરીંગ કોલેજ, સે. ૨૮ ખાતે વૃક્ષારોપણ દ્વારા સવારે ૮ કલાકે થશે. આ ઝુંબેશને નગરના પ્રથમ નાગરિક મેયરનો સહયોગ પ્રાપ્ત થયો છે. જેમાં ડેપ્યુટી મેયર તથા સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન સહિત ઉપસ્થિત રહેશે. આ પ્રસંગે સ્વયંસેવકોને પ્રોત્સાહન ઈનામો આપવામાં આવશે. સ્વયંસેવક તરીકે સેવા આપવા ઈચ્છુક મિત્રોએ વનશ્રી ટ્રસ્ટ, ગાંધીનગરના ફેસબુક પેજ ઉપર લીંકમાં રજીસ્ટ્રેશન કરવાનું રહેશે તેમ અખબારી યાદીમાં જણાવ્યું હતું.



રેડક્રોસ સોસાયટી ગાંધીનગર જિલ્લા શાખાના વાય.આર.સી.એસ. (યુથ) વાય.આર.સી.એસ.ના સભ્ય જ્હાન્વી પી. નિમાવતે ૧૮ વર્ષ પુર્ણ થતાં જન્મદિવસે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં રક્તદાન કરી અને સાથે સફાઈ કામદાર યુવાનને ૧ હજારની કરીયાણા કીટ આપી ભવ્ય ઉજવણી કરી હતી. આ ઈશ્વરીય વિચાર તેના માતૃશ્રી અને નામી કવિ કિશોર જીકાદરાજીએ આપ્યો હતો.



## રોટરી કલબ ઓફ કેપિટલ, ગાંધીનગર દ્વારા સ્પીકર મીટ યોજાઈ

ગાંધીનગર, તા.૧

રોટરી કલબ ઓફ કેપિટલ ગાંધીનગર દ્વારા ગત તા.૩૦મેના રોજ ગાંધીનગર ખાતે સ્પીકર મીટ યોજવામાં આવી હતી. આ સ્પીકર મીટમાં વેલ્થ ક્રીએશન થ્રુ મ્યુચઅલ ફંડ વિષયને લઈને આ ક્ષેત્રના જાણીતા સ્પીકર સમીર ઠાકોર દ્વારા માહિતી પુરી પાડવામાં આવી હતી. ઉપસ્થિત સૌ રોટેરીયન અને વિવિધ ક્ષેત્રોના તજજ્ઞો દ્વારા આ વિષયક પ્રશ્નોત્તરી દ્વારા આ વિષયે સમજ લેવામાં આવી હતી. આ કાર્યક્રમમાં સંસ્થાના પ્રમુખ અમીબેન શાહ, સેક્રેટરી પાર્થ ઠકકર સહિત સંસ્થાના પદાધિકારીઓ, સદસ્યો સહિત નિપોન કંપનીના વિવિધ કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.



ગાંધીનગર સ્થિત ફુડ એન્ડ ડ્રગ્સ વિભાગના મહિલા કર્મચારીઓ ધ્વારા એક ગેટ ટુ ગેધર નું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ફુડ એન્ડ ડ્રગ્સ વિભાગના દરેક મહિલા કર્મચારીઓ હાજર રહ્યા હતા અને નવી નિમણૂંક પામેલા ફુડ મહિલા ઈન્સ્પેકટરો હાજર રહી માર્ગદર્શન આપ્યું હતું.

## યુથ હોસ્ટેલ સે-૧૬ ખાતે પમીએ ચિત્ર સ્પર્ધાનું આયોજન

ગાંધીનગર, તા.૧

યુથ હોસ્ટેલ્સ એસોસીએશન ઓફ ઈન્ડિયા ગાંધીનગર યુનિટ દ્વારા અને નેહરુ યુવા કેન્દ્ર સંગઠનની સહયોગીતાથી યુથ હોસ્ટેલ બિલ્ડીંગ સેકટર-૧૬ ખાતે તારીખ પમી જૂન રવિવારે સવારે ૯.૩૦ થી ૧૧.૩૦ સુધી વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે એક ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં વર્ષ ૭ થી૧૫ સુધીના બાળકો ભાગ લઈ શકશે. સ્પર્ધામાં ‘પર્યાવરણ બચાવો’ વિષય ઉપર ચિત્ર દોરવાનું રહેશે અને સ્પર્ધામાં ભાગ લેવા માટે યુથ હોસ્ટેલ્સના હોદ્દેદારોનો ફોન નંબર ૯૯૦૯૯૫૯૦૦ અથવા ૯૯૭૮૪૭૭૧૦૧ ઉપર રજીસ્ટ્રેશન કરાવી લેવા સંસ્થા દ્વારા જણાવવામાં આવ્યું છે.

## સમસ્ત વણકર સમાજનો દ્વિતીય વણકર પ્રતિભા સન્માન કાર્યક્રમ યોજાયો




સ્ટાફ ટ્રેનિંગ કોલેજ ખાતે ગાંધીગનર નિવાસી સમસ્ત વણકર સમાજ સંસ્થા દ્વારા દ્વિતીય વણકર પ્રતિભા સન્માન કાર્યક્રમ યોજાયો હતો. જેમાં પૂર્વ મંત્રી ડૉ. કરસનદાસ સોનેરી, સંસદ સભ્ય ડૉ. કિરીટભાઈ સોલંકી, પૂર્વ સંસદ સભ્ય રતિલાલ વર્મા, પૂર્વ ધારાસભ્ય મણિભાઈ વાઘેલા ઉપસ્થિત રહ્યા હતા અને કાર્યક્રમ ખૂબ જ સફળ રહ્યો હતો. જેમાં ડૉ.કિરીટભાઈ સોલંકીએ અમેરિકામાં ૧૦૧ કરોડના ખર્ચે વીર મેઘમાયા મંદિરનું નિર્માણ કરાશે એવી જાહેરાત કરી હતી.


## લાયન્સ કલબ ઓફ ગાંધીનગરનું ગૌરવ




ગાંધીનગર, તા.૧

૨૩૩ દેશમાં ફેલાયેલી વિશ્વની સૌથી મોટી એન.જી.ઓ. લાયન્સ કલબ ઈન્ટરનેશનલનું ગુજરાતનું એન્યુઅલ મલ્ટીપલ કન્વેન્શન બરોડા ખાતે યોજાયું હતું. જેમાં ગુજરાતના ચાર જુદા જુદા ડિસ્ટ્રિકટની કુલ ૬૨૦ કલબમાંથી સેક્રેટરી તરીકેની ખુબ જ શ્રેષ્ઠ સેવાકિય અને વહિવટિય કામગીરી કરવા બદલ લાયન્સ કલબ ઓફ ગાંધીનગરના ડાયનેમિક સેક્રેટરી લીઓ લાયન વિવેકસિંહ ચૌહાણને બેસ્ટ સેક્રેટરી ઓફ ગુજરાત મલ્ટીપલ નો એવોર્ડ મળેલ છે.

## જન્મદિને વધામણી



કેશરીસિંહ જી. બિહોલા
પ્રમુખ, ગાંધીનગર શહેર વસાહત મહાસંઘ
મો. ૯૯૭૪૫ ૨૫૬૨૮


વિજયસિંહ કેશાજી માજીરાણા
મો. ૯૭૩૭૨ ૪૩૨૧૦૩


નયન મધુકર
મો. ૯૮૯૮૩ ૩૮૧૪૧


જી.કે. પરમાર
મો. ૯૮૭૯૨ ૬૮૯૫૮


આદિત્ય અનિલકુમાર નાયી
મો. ૯૯૨૪૧ ૪૯૩૩૫


પ્રજાપતિ અરવિંદભાઈ પ્રહલાદભાઈ


ચંચળબેન બાબુભાઈ મેસરવાલા


રેખા નરેન્દ્રભાઈ પટેલ


વિપુલ રેવાભાઈ પટેલ
મો. ૯૪૨૮૪ ૭૬૭૬૧


મિત્રાબા યોગેન્દ્રસિંહ રાઠોડ
મો. ૮૧૦૧૭ ૧૮૭૦૭


હેમંતભાઈ પંચાલ


નયનાબેન પી. પ્રજાપતિ


જ્યોત્સનાબેન ભટ્ટ


સેજલ મકવાણા

## બ્રહ્માકુમારીઝ ચીલોડા ખાતેથી કિસાન સંમેલનમાં ૪૦ લાખ વૃક્ષ વાવવાના ‘કલ્પતરુહ’ પ્રોજેક્ટનું લોન્ચિંગ

ગાંધીનગર, તા.૧

આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત આપણા લોકલાડીલા વડાપ્રધાન માનનીય નરેન્દ્રભાઈ મોદીની અધ્યક્ષતામાં ‘આઝાદી કે અમૃત મહોત્સવ સે સ્વર્ણિમ ભારત કી ઓર’ ના થીમ હેઠળ બ્રહ્માકુમારીઝના વિવિધ રાષ્ટ્રીય કાર્યક્રમોનો વર્ચ્યુઅલ શુભારંભ ૨૦, જાન્યુઆરી, ૨૦૨૨ના રોજ કરવામાં આવ્યો હતો.

જે અંતર્ગત બ્રહ્માકુમારીઝ દ્વારા કિસાનોને રાસાયણિક ખેતીના દુષપ્રભાવથી આઝાદી અપાવી પ્રાકૃતિક-શાશ્વત યોગીક ખેતી તરફ પ્રોત્સાહિત કરવા, નૈતિક મૂલ્યોને જાગૃત કરી અંધ શ્રધ્ધા, કુરીવાજ, કુપ્રથાના ઉન્મૂલન દ્વારા તેમણે જાગૃત કરી આત્માનિર્ભર, સશક્ત અને સમૃધ્ધ બનાવવા કરવા એક અભિયાન શરૂ કરવામાં આવેલ. આ અભિયાન ચીલોડા પહોંચતા ૩૦ મે, સોમવારે સવારે ૧૦.૦૦ વાગે જગદંબા ભવન બ્રહ્માકુમારીઝ, ચીલોડા ખાતે માન. કૃષિ મંત્રી રાઘવજીભાઈ પટેલની



અધ્યક્ષતામાં ‘આત્મ નિર્ભર કિસાન- સ્વર્ણિમ ભારત કી શાન’, કિસાન સંમેલન નું આયોજન કરવામાં આવ્યું હતું.

સાથે સાથે અનોખા વૃક્ષારોપણ અભિયાન- ‘કલ્પતરુહ’ કે જેમાં આઝાદીના ૭૫ વર્ષ પૂર્ણ થવાથી ૫, જૂન ૨૦૨૨થી ૨૫ ઓગસ્ટ, ૨૦૨૨ સુધીના ૭૫ દિવસ દરમ્યાન બ્રહ્માકુમારીઝના ભારતના તમામ સેવાકેન્દ્રના ૭૫ ભાઈ-બહેનોને ૭૫ વૃક્ષ વાવી તેનું ઓછામાં ઓછું ૭૫ દિવસ જતન કરવામાં આવે . જેનું રજીસ્ટ્રેશન મોબાઈલ એપ્પ પર કરવામાં આવે. જે ૪૦ લાખ ભાઈ-બહેનો દ્વારા વાવવામાં આવનાર ૪૦ લાખ વૃક્ષોના કાર્યક્રમનું ગુજરાત સ્તરનું લોન્ચિંગ પણ રાખવામાં આવ્યું છે.

ગાંધીનગરના ધારાસભ્ય શંભુજી ઠાકોરે પણ સરકારી યોજનાઓનો હવાલો આપી જણાવેલ કે વધુ વૃક્ષો વાવો વધુ ઓકસીજન મેળવો. તેમણે પોતાને મળેલ સરકારી ગ્રાન્ટનો ઓકસીજન તથા સ્વાસ્થ્ય સાધનોની ખરીદી માટે કરેલ સદુપયોગ નિર્દેશ કર્યો હતો.

આ પ્રસંગે બ્રહ્માકુમારીઝ ગાંધીનગર સેવાકેન્દ્ર સંચાલિકા રાજયોગીની કૈલાશદીદી એ પરમાત્મા તરફથી સૌ કિસાનોને આશીર્વચન આપ્યા હતા.

તમાકુ, સિગારેટ, દારૂ, ડ્રગ્સ જેવા વિકારોના સકંજામાં આજનો માનવી કેવી રીતે ફસાતો જાય છે જેમાંથી ફકત પરમાત્માનો સહારો જ બહાર લાવી શકે છે તે પર માર્મિક લઘુ નાટિકા પ્રસ્તુ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં ઘણી સારી સંખ્યામાં કિસાનો ભાઈઓ પધાર્યા હતા.

## દલિત અધિકાર સંઘ દ્વારા રંગમંચ-લગ્નવાડીના ભાડા વધારામાં ફેરફાર કરવાની માંગ

### રંગમંચનું ભાડું રૂ.૨૦૦થી વધારીને રૂ. ૧૫૦૦૦ અને લગ્નવાડીનું ભાડું રૂ. ૨૫૦૦ થી વધારીને રૂ. ૨૫૦૦૦ દશગણો વધારો

ગાંધીનગર, તા.૧

દલિત અધિકાર મંચના સભ્યો દ્વારા રંગમંચ અને લગ્નવાડીના વધારેલા ભાડામાં ફેરફાર કરવા માટે ગાંધીનગર મેયર હિતેશભાઈ મકવાણાને રજુઆત કરવામાં આવી હતી. તાજેતરમાં પાટનગર હસ્તકના રંગમંચ અને લગ્નવાડી ગાંધીનગર મનપા હસ્તક તબદીલ કરવામાં આવ્યા છે. કોર્પોરેશન હસ્તક લેતાની સાથે જ તેના ભાડાના દરમાં તોતીંગ વધારો કરવામાં આવ્યો છે. રંગમંચનું ભાડું રૂ. ૨૦૦થી વધારીને રૂ. ૧૫૦૦૦ અને લગ્નવાડીઓનું ભાડું રૂ. ૨૫૦૦ થી વધારીને રૂ. ૨૫૦૦૦ કરવાનો નિર્ણય કોર્પોરેશન દ્વારા લેવામાં આવ્યો છે. દલિત અધિકાર મંચના સભ્યોના જણાવ્યા મુજબ પ્રવર્તમાન મોંઘવારીના



સમયમાં સ્વાભાવિક છે કે આ પ્રકારની સગવડોમાં ભાડા વધારો કરવો પડે પરંતુ સીધો જ દશગણો વધારો કરવો એ વ્યાજબી નથી પણ ભારોભાર અન્યાયકર્તા છે અને દરેક વર્ગના નાગરિકોને પરવડે તે પ્રમાણેના ભાડાના દરો રાખવા દરખાસ્ત કરવામાં આવી છે. જેમાં લગ્ન અને શુભ પ્રસંગો માટે ૨૪ કલાકના લગ્નવાડીનો દર રૂ. ૧૫૦૦૦ અને રંગમંચનો દર રૂ. ૮૦૦૦, સગાઈ-શ્રીમંત જેવા પ્રસંગો માટે ૧૨ કલાકના રૂ.૧૦,૦૦૦ અને રંગમચનો દર રૂ. ૪૦૦૦, બેસણું જેવા અશુભ પ્રસંગો માટે ૪ કલાકના રૂ.૫૦૦૦ અને રંગમંચનો દર રૂ. ૨૦૦૦, સામાજિક-સાંસ્કૃતિક-ધાર્મિક કાર્યક્રમો માટે ૪ કલાકના રૂ.૪૦૦૦ અને રંગમંચના રૂ. ૨૫૦૦, શૈક્ષણિક કાર્યક્રમો માટે ૪ કલાકના રૂ. ૩૦૦૦ અને રંગમંચનો દર રૂ. ૨૦૦૦ આ ઉપરાંત લાઈટબીલ નિયમ પ્રમાણે તથા સાફ સફાઈના રૂ. ૧૦૦ અને આ બધી કેટેગરીમાં અનુ. જાતિ અને અનુ. જનજાતિના અરજદારોને ૨૦ ટકા ખાસ વળતર આપવા બાબતે જરુરી ફેરફાર કરી પ્રજાહિતમાં પુનઃ વિચારણા કરી નોટીફીકેશન બહાર પાડવી તેમ જણાવ્યું હતું.